બિનસરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓના
પગારધોરણ સુધારવા અંગે..

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક:બમશ/૧૩૮૦/૧૫૧૧/૮૫/ગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૩/૧૨/૧૯૮૫.

આમુખ :-

વંચાણમાં લીધા : શિક્ષણ વિભાગનો તા.૨૩/૭/૮૧નો ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૮૦/૩૭૯૩૮-ગ
અને તા.૧૦/૧૨/૮૧નો ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૮૦/૪૧૩૯૬/ગ.

ઠ....રા....વ.

આમુખમાં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા.૨૩/૭/૮૧ના ઠરાવના ફકરા-૧માં આંશિક સુધારો કરીને નીચે મુજબના હુકમો કરવામાં આવે છે.

તા.૧/૭/૮૧ના રોજ રૂ.૪૪૦-૭૫૦ અથવા રૂ.૪૩૦-૬૪૦નો ગ્રેડ મેળવતા જે શિક્ષકોની ૧૭ વર્ષની નોકરી પુરી થઈ હોય તેવા તમામ શિક્ષકો માટે રૂ.૫૦૦-૨૫-૬૫૦-લ.આ.-૨૫-૭૫૦-૩૦-૯૦૦ નો ગ્રેડ નીચેની શરતોએ તા.૧/૭/૧૯૮૧ થી મંજૂર કરવામાં આવે છે.

(ક) તા.૧/૭/૮૧ ના રોજ ૧૭ વર્ષ પુરા કરે તે ઉપર અને ત્યારબાદ જે તે તારીખોએ ૧૭ વર્ષ પુરા થાય તે તારીખથી રૂ.૫૦૦-૯૦૦નું પગારધોરણ મળવાને પાત્ર બનશે. આ પગારધોરણ માધ્યમિક શાળાના શિક્ષકો માટે ત્રીજા પગારપંચે રૂ.૧૦૮૦-૧૮૩૦નું જે પગારધોરણ સુચવ્યુ છે અને તે ઉપર સરકાર જે નિર્ણય લેશે તે પગારધોરણમાં સમાવવાની શરતે આ નિર્ણય કરવામાં આવ્યો છે.

(ખ) ઉપરોક્ત સુધારાના અનુસંધાને વધારાનો ઈજાફો તા.૧/૪/૧૯૮૧ના રોજ આપવાનુ અગાઉ ઠરાવવામાં આવ્યુ હતુ તેમાં ફેરફાર કરી હવે તારીખ ૧/૭/૧૯૮૧ ના રોજ વધારાનો ઈજાફો આપવાનો રહેશે.

(ગ) ઉપર આમુખમાં તા.૨૩/૭/૮૧ ના ઠરાવમાં અને ત્યાર પછી વખતો વખત કરેલ સુધારાઓ અને સ્પષ્ટતાઓ યથાવત અમલમાં રહેશે.

(ઘ) અગાઉ આવો ગ્રેડ જે કિસ્સામાં અપાઈ ગયેલ હોય તેવા કિસ્સાઓને ફરીથી ઉખેડવાના રહેશે નહીં તેવું પણ ઠરાવવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તારીખ ~~xxxx~~ ૧૩/૧૨/૮૫ની નોંધથી મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

બી.બી.નિનામા
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પરીપત્ર-125

૮૨૮૦/૫૮
નંબર માધ્ય.૪/
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, પાટણ
તા ૪/૩/૧૯૮૬.

નકલ રવાના જાણ સારૂ,

જિલ્લા શિક્ષણાધિકારીની
મહેસાણા જિલ્લો, પાટણ.

પ્રતિ,
આચાર્યશ્રી,
જિલ્લાની તમામ માધ્ય.ઉ.મા.શાળાઓ તરફ..